NAVSARI AGRICULTURAL UNIVERSITY

# સંશોધન નિયામકશ્રીની કચેરી

## નવસારી કૃષિ યુનિવર્સિટી

એરૂ ચાર રસ્તા, નવસારી

**ડો.એ.એન.સાબલપરા**
સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

ફોન ૦૨૬૩૭ – ૨૮૩૧૬૦, ૦૨૬૩૭ – ૨૮૩૪૫૨
૨૮૨૭૭૧ થી ૭૫ એકસ.૧૩૨
ફેકસ ૦૨૬૩૭ – ૨૮૩૪૫૨

---

જા.નં.નકૃયુ/સંનિ/આયોજન/પ્લાયો/ત્રિ.પ્ર.અ./૧૨–૧૩/ ૬૫૯૬–૬૬૨૫ /૨૦૧૨ તા. ૦૯/૦૫/૨૦૧૨

પ્રતિ,
.........................
.........................
.........................
.........................

**વિષય :–** પ્લાન યોજનાનો ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ નો ત્રિમાસિક અંતિત ખર્ચ, ભૌતિક પ્રગતિ અને યોજનાકીય સિધ્ધિનો ત્રિમાસિક પ્રગતિ અહેવાલ મોકલાવવા બાબત...

**સંદર્ભ :–** અત્રેની કચેરીના પત્રક્રમાંક : નકૃયુ/સંનિ/આયોજન/પ્લાયો/ત્રિપઅ/૨૦૧૧–૧૨/૫૦૨૬–૬૦ તા.૩૧/૩/૨૦૧૨

સવિનય ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, બારમી પંચવર્ષીય યોજનાનાં પ્રથમ ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ માં આપના વિભાગ/કેન્દ્ર પર કાર્યરત પ્લાન યોજના અંતર્ગત જુન, સપ્ટેમ્બર, ડિસેમ્બર અને માર્ચ '૧૩ અંતિત ત્રિમાસિક પ્રગતિ અહેવાલમાં પગારભથ્થા, રીકરીંગ, નોન રીકરીંગ અને બાંધકામ સદરે કુલ ખર્ચ (રૂા. લાખમાં) તેમજ શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ શિક્ષણ સંબંધિત યોજનામાં મેળવેલ સિધ્ધિઓની ટૂંકી સ્પષ્ટતા અને ડોકયુમેન્ટરી ફોટોગ્રાફ સાથેની અંગ્રેજી/ગુજરાતીમાં વિગતો હાર્ડ અને સોફટ કોપીમાં ત્રણ માસ પુરા થતાં પછીના માસની ૫ તારીખ સુધીમાં નિયમિત, બિનચૂક મોકલવાના રહેશે. આ યોજનાકીય ત્રિમાસિક પ્રગતિ અહેવાલની વિગતો સમય મર્યાદામાં અત્રે કચેરીને મળશે નહિ તો કોઈ પણ વિલંબના કારણોને ધ્યાનમાં લીધા સિવાય કચેરીના પગારબીલ અટકાવવામાં આવશે. જે જાણ થવા સારૂં.

**સંશોધન નિયામક અને**
**અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ**

# સંશોધન નિયામકશ્રીની કચેરી

## નવસારી કૃષિ યુનિવર્સિટી

એરૂ ચાર રસ્તા, નવસારી

**ડો.એ.એન.સાબલપરા**
**સંશોધન નિયામક અને**
**અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ**

ફોન ૦૨૬૩૭ – ૨૮૩૧૬૦, ૦૨૬૩૭ – ૨૮૩૪૫૨
૨૮૨૭૭૧ થી ૭૫ એકસ.૧૩૨
ફેકસ ૦૨૬૩૭ – ૨૮૩૪૫૨


જા.નં.નકૃયુ/સંનિ/ આયોજન/પ્લાન/નોન પ્લાન/ સંસિધ્ધિ/૬૫૯૬–૬૬૨૫/૨૦૧૨ તા.૯.૦૫.૨૦૧૨

:: **રીમાઈન્ડર –૧** ::

**પ્રતિ,**
**..................................**
**..................................**
**..................................**
**.................................**

**વિષય : પ્લાન / નોનપ્લાન યોજના હેઠળ લેવામાં આવેલ પ્રોજેકટોની અગીયારમી પંચવર્ષીય યોજના હેઠળના વર્ષોમાં સંશોધનની સિધ્ધિઓની વિગત બાબત..**
**સંદર્ભ : અત્રે કચેરીનાં પત્રક્રમાંક : નકૃયુ/સંનિ/આયોજન/પ્લાન/નોન પ્લાન/સંસિધ્ધિ/ ૫૮૩૨–૭૧/૨૦૧૨ તા. ૨૦/૪/૧૨**

સવિનય ઉપરોકત વિષયનાં સંદર્ભપત્રથી આપના વિભાગ હેઠળ અગીયારમી પંચવર્ષીય યોજના વર્ષઃ ૨૦૦૭–૦૮ થી ૨૦૧૧–૧૨ દરમ્યાન પ્લાન/નોન પ્લાન યોજના હેઠળ લેવામાં આવેલ સંશોધન પ્રોજેકટમાં નકકી કરવામાં આવેલ હેતુઓ પરિપૂર્ણ થતાં હાંસલ કરેલ સંશોધનની સિધ્ધિઓ ડોકયુમેન્ટસ ફોટોગ્રાફસ સહિતની માહિતી અંગ્રેજી અને ગુજરાતીમાં હાર્ડ અને સોફટ કોપી મોકલી આપવાની રહેશે. જેથી સરકારશ્રીમાં સમયસર ૧૧મી પંચવર્ષીય યોજનાનો અહેવાલની વિગતો મોકલાવી શકાય. જે જાણ થવા સારૂં.

**સંશોધન નિયામક અને**
**અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ**